સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# કમળાબેનના પાઠો

: લેખિકા :

કમળાબેન

1600053

શારદામંદિર
અમદાવાદ-૭
૧૭૩
બાલમંદિર

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની

મુંબઈ-૨ • અમદાવાદ-૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંધી માર્ગ, અમદાવાદ–૧

© પ્રકાશકનાં

મુદ્રણ છઠ્ઠું :
માર્ચ ૧૯૬૬

મૂલ્ય પચાસ પૈસા

[૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦–૦૦]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

શ્રી દક્ષિણામૂર્તિ
બાલસાહિત્યમાળા

પુસ્તક ૫૬ મું

## અનુક્રમ

સવારે . . . . ૩
વરસાદ . . . ૫
બાવાજીની ટેકરી . ૭
તુલસીનો છોડ. . ૯
દેડકસેના . . . ૧૪
કબૂતર . . . ૧૫
સાવધાન! . . ૧૬
કાબરનું બચ્ચું . ૨૦
ઘંટી . . . . ૨૨
રમવા આવે છે કે? ૨૪
દાદાજી . . . . . ૨૫
ગુલાલ . . . . . ૨૬
મનુના મોટાભાઈ . ૨૯

# કમળાબેનના પાઠો

## સવારે

પાંચ વાગ્યા છે. ચંદ્ર જરા નમ્યો છે. આકાશ ધોળાં વાદળાંથી છવાયેલું છે.

દૂર દૂર મોર મ્યાઓ....મ્યાઓ....કરતો હતો. પાસેની એક કોયલે કુહુ....કુહુ....કરીને પીપર ગજાવી મૂકી.

ચકલાંનું ચીરિક ચીરિક, દેવચકલીનું ટીવી ટીવી, કાબરના મધુર કલબલાટ, મેનાપોપટ ને બુલબુલના મીઠા કિલકિલાટ, પંચાતિયા કાગડાના કૌ કૌ : બધું ય સરસ લાગતું હતું.

આકાશે ઉષા ખીલી ને ચંદ્ર ઝંખવાયો; ફિક્કી વાદળીઓ રંગબેરંગી થઈ—કેમ જાણે રંગબેરંગી કપડાં પહેરીને સૂરજને પૂજવા નીકળી હોય!

અજવાળું ઝાંખું હતું. ઝાડ કોઈ હાલતાં નહોતાં. એ....પૂર્વમાં આઘે આઘેથી પ્રકાશ ચાલ્યો આવે છે. આવે છે, આવે છે, સૂર્યદેવ પધારે છે. જોતજોતામાં તેજ વધતું ચાલ્યું.

સાગરના જળમાંથી નીતરતો નીતરતો સૂરજ ઊંચે આવ્યો. કેવો સુંદર!

સૂરજ ઊગ્યો ને પંખી ઊડ્યાં. ચકલાં આમ ઊડ્યાં ને કબૂતર તેમ ઊડ્યાં. લલેડાં ઊડીને એક ઝાડેથી બીજે ઝાડે ગયાં. બગલાં તો ઊડી ઊડીને ક્યાંઈ ગયાં.

કાગડા પેલા ડુંગરા બાજુ ઊડી ગયા. ચકલાં ચણ ચણવા ઊડ્યાં. પોપટ ફળ ખાવા ઊડ્યા. બુલબુલ ને દેવચકલી યે ઊડી ગયાં. પણ ચીબરી બેઠી. એ બિચારી ત્યાં જ બેસી રહેશે. દિવસે એ આંધળી થઈ. હવે શું કરે? પણ મચ્છીમાર આવ્યાં. એ પણ ઊડી ગયાં.

સૌ પંખી ઊડી ગયાં ને હું ઊઠીને કામે લાગી. નાનો વિનુ રમવા ગયો.

☆

# વરસાદ

વાદળાં ચડી આવ્યાં. મેઘ ગડુડડ્ડુડ ગાજ્યો ને કડકાભડાકા થયા. આભ આખું ખળભળી ઊઠ્યું. વીજળીના ઝબકારા, વાદળાંના કડાકા, વીજળીના સબકારા, વાદળાંના ભડાકા; વીજળી સબોસબ. વાદળ કડડધુમ ગડડધુમ.

ઘડીકમાં તો આકાશ આખું કાળું ડિબાણ. આભમાં પાણી તો ક્યાંઈ માય નહિ. વરસાદ વરસવા લાગ્યો ને વા વાયો.

વરસાદને વરસવું ને વાને વરસવા ન દેવું. જામી લડાઈ. આવ્યા બથંબથા; લડમલડા, ધુસ્તાપાટુ, થોંટથપાટ, પડવુંઆખડવું.

વાદળાં જોર કરીને ઊભાં ખૂબ જોર જોરથી વરસવા લાગ્યાં; ખૂબ જોર અજમાવ્યું. પવનને જરા વાર તો ગણ્યો જ નહિ.

પવન ખીજ્યો. પછી એવો વાયો કે વાદળાંના બાપદાદાને ઉડાડી દે! માણસોનાં ઘરનાં બારીબારણાં ભડોભડ. ઝાડ બધાં સડોસડ. ઘર જાણે હલી ઊઠ્યાં. છોકરાંની શી દેન કે પવનમાં

આભ=આકાશ દેન=મગદૂર

ઊભાં રહે ! મોટાંને ય ક્યાંઈ ખેંચી જાય. ઝાડો બધાં ભોંય સુધી નીચે નમ્યાં. નાનાંસૂનાં ઝાડો ભાંગીને ભોંયે પડ્યાં.

હવે બિચારાં વાદળાંના શા ભાર ? વાદળાંને બરાબરનાં ભગાડ્યાં.

પવન પાછળ અને વાદળાં આગળ, જાય દોટ્યાં. વાદળાંને પવન ક્યાંનો ક્યાંઈ કાઢી આવ્યો. મોટું તોફાન કોણ જાણે ક્યાંઈ ગયું.

આકાશ બધું ચોખ્ખુંચણક.

વચ્ચે ભૂરું આભ દેખાયું.

પશ્ચિમે આછાં આછાં ઘેરાં ઘેરાં વાદળાં હતાં. ત્યાં તો સંધ્યાસમય થયો. જાતજાતનાં વાદળાંઓમાં જાતજાતના રંગો ખીલ્યા.

સંધ્યાની શોભા ઓર જામી. ધોળાં બરફ જેવાં વાદળાંઓમાં ગુલતન રંગ પુરાયો. કોઈ કોઈમાં ગુલાબી તો વળી કોઈમાં ફૂલજાંબુ, તો કોઈમાં જાંબલી.

પણ કાળી વાદળીઓ કાળી જ રહી. બધી રંગીન વાદળીઓ વચ્ચે એ કાળી વાદળીઓ ખૂબ શોભતી હતી.

---

ગુલતન=સહેજ ગુલાબી

રાત્રે ચંદ્રની શોભા કંઈ અજબ બની. વાદળાંમાંથી ચંદ્રની કિનાર સહજ દેખાતી હતી. જાણે ક્યાંઈ ઊંડે ઊંડે હોય ને ત્યાંથી એનાં કિરણ આવતાં હોય એવું લાગતું હતું.

વારે વારે ચંદ્ર કંઈ જુદી જ જાતનો દેખાતો હતો.

☆

## બાવાજીની ટેકરી

બાવાજીની ટેકરી: સૂકી, સૂકી, સૂકી.

કાળા ભૂખરા પથ્થર ને પીળું પીળું ખડ. આવળ સુકાઈ ને બાવળે ય સુકાયો. ખીજડા સુકાયા ને કેરડા પણ સુકાયા. બોરડી પણ સુકાઈ ગઈ. માણસે નહિ ને જનાવરે નહિ. પતંગિયાં યે નહિ ને ફૂદાં યે નહિ. જીવડાં યે નહિ ને જંતુ યે નહિ. મંકોડા યે નહિ ને કીડીઓ પણ નહિ.

બાવો એકલો બેઠો છે.

ચોમાસું આવ્યું; વરસાદ વરસ્યો. બાવળે નવાં કૂંપળ આવ્યાં; આવળ રાણી ફાલ્યાં-

ફૂલ્યાં; ખીજડે લાલ પાન આવ્યાં; બોરડીએ લીલાં પાન આવ્યાં; પીળું ઘાસ લીલું થયું; ટેકરી આખી લીલી લીલી બની.

બકરાંના ગોવાળ આવે ને બકરાં ચરાવે ગાયોના ગોવાળ આવે ને ગાયો ચરાવે; ઘેટાંના ગોવાળ આવે ને ઘેટાં ચરાવે. દિવસ બધો બકરાં ઘેટાં ચરે; સાંજ પડે ને ચરી કરીને ઘેર જાય.

ઇયળો થઈને પતંગિયાં થયાં; કીડીઓ થઈને મંકોડા થયા; માખીઓ થઈને માખા થયા; ભમરીઓ થઈને ભમરા થયા; જીવડાં થયાં ને ફૂદાં થયાં; ચાંચડ થયા ને મચ્છર થયાં.

ઇયળો પાન ખાય; પતંગિયાં મધ ચૂસે; કીડીઓ ખાંડ ખાવા આવે; ભમરીઓ અને ભમરા ફૂલો પર ઊડે; જીવડાં ને ફૂદાં ઝીણા ઘાસમાં બેસે; ચાંચડ–મચ્છર માણસોને કરડે.

દેડકાં થયાં ને દેડકીઓ થઈ; ટીડડાં થયાં ને ટીડડીઓ થઈ.

રાત પડે ને દેડકાં–દેડકીઓ ડરાંઉં ડરાંઉં કરે; દિવસે ખાડામાં તરે ને કૂદે. રાત પડે ને ટીડડાં ઘરમાં આવે ને ઊડઊડ કરે; જેમાં તેમાં પડે. કોઈને માથે પડે ને કોઈને નાકે ચોટે.

દિવસે ટીડડાં ઊડી જાય. નવા નવા મોલ ખાઈ જાય; બાજરાનો પોંક ખાય, જારના લોથા ખાય.

બાવાજીની ટેકરી સૂકી મટી લીલી થઈ બાવાજી એકલા હતા; બાવાજી એકલા થયા.

☆

## તુલસીનો છોડ

"વિનુ! તને ખબર છે? મારે ઘેર એક તુલસીનો છોડ છે.

"એનાં લીલાં લીલાં પાન મને તો બહુ ગમે.

"એની કૂણી કૂણી મંજરીઓ શું,ન ગમે?

"મંજરીઓ પર આછાં જાંબલી ફૂલો કેવાં છે? ઝીણાં ઝીણાં, સાવ ઝીણાં. ઝીણી નજરે જોઈએ તો જ દેખાય. મારી બહુ કહેતી'તી કે એને વળી ફૂલ ક્યાં છે? એને તો એકલાં માંજર છે.

"પણ એને ક્યાં ખબર છે કે માંજર એટલે ફૂલોનું ઝૂમખું? એક માંજર પર દસ-વીશ ફૂલો થાય છે. પણ એને તો માંજર જ

લોથા=મોટાં ઠૂંઠાં, કણસલાં

ફૂલ જેવું દેખાય છે.

"મંજરી પરનાં બધાં ફૂલો ખીલે ત્યારે તો મંજરી એવી શોભે કે બસ!

"ઝીણી ઝીણી કોમળ કોમળ પાંખડીનાં સહેજ જાંબલી ફૂલોનું ઝૂમખું એવું તો શોભે! શી એની શોભા!

ધીરે ધીરે વાયુ વાય,
મંજરી લહેકે લેતો જાય.
ફૂલોભરી મંજરી,
સુગંધભરી મંજરી;
આમ નમે, તેમ નમે,
લહેરે લહેરે લળે;
શોભી શોભી રહે.
કેવી મજાની વાસ!
કેવી મજાની તનમનતી;
કેવી મજાની તમતમતી!
મંજરી દેવને ચડાવીએ;
દલ દેવને ધરાવીએ.
તુલસીક્યારે દીવો કરીએ;

---

દલ=પાંદડું

તુલસી માની પૂજા કરીએ.
નિતનિત માને પાણી પાઈએ;
નિતનિત આંગણું શોભાવીએ.

"અમારી નાની બહેન છે ને, એ તો એક વખત કંઇક ગાતી હતી; કંઈક ગણગણતી હતી ને કંઈક કાલું કાલું બોલતી હતી. તુલસી સામે જોતી જાય, લહેકા કરતી જાય ને બોલતી જાય. કંઈક ગાતી હોય એવું લાગ્યું. જો મને થોડુંક યાદ છે.

**ધીમે વાયરો વાય છે.**
**મંજરીઓ ડોલાય છે.**
**તુલસી મા શોભાય છે.**
**આમ વળે ને તેમ વળે.**
**તુલસી મા તો ડોલ્યા કરે.**

હું તો તે છાનીમાની સાંભળતી જ રહી.

"વિનુ! તું પણ તુલસી વાવ ને? મજાનું તારું ફળિયું તો રૂપાળું છે. કહીશ તો તને બિયાં આપીશ. અમે બી રાખી મૂક્યાં છે. પેલી મંજરીઓમાંથી જ નીકળેલાં છે. તું જાણે છે?"

"ના રે, મને તો કંઈ યે ખબર નથી. તું

---

ફળિયું=આંગણું

તો એવું ઝીણું ઝીણું જોયા જ કરે છે. ને તું તો પેલી ચોપડી જ વાંચ્યા કરે છે, કેમ ?"

"ઠીક, પણ તુલસી તો વાવજે જ. હું તો મારો ફળિયામાં બેસું એટલે મને તો લાગે છે કે જાણે બાગમાં બેઠી. હું મારું બધું કામ તુલસી સામે જ બેસીને કરું છું. બાપુ ! મને તો તુલસી વિના ન ગમે. ભલું તને ગમે છે ? એટલે જ મને તારું ફળિયું નથી ગમતું !"

વિનુ કહે : "ત્યારે હું પણ વાવીશ. પણ મને વાવતાં નથી આવડતું."

"લે, એમાં તે શું ? હું તને બધું યે શીખવીશ. ખોદી ખોદીને ક્યારો તો કરજે; હું વાવી દઈશ. પણ તું રોજ પાણી પાજે, હો ! ભૂલીશ તો સુકાઈ જશે."

"ઠીક ત્યારે હું બધું ય કરીશ. પછી તો તને મારે ત્યાં ગમશે ને ? પછી તો તું મારે ત્યાં આવીશ ને ?"

"હા હા, જરૂર આવીશ. પછી તો મને બહુ જ ગમશે. તુલસી ક્યારાવાળું ઘર મને તો બહુ જ ગમે છે."

"ઠીક ત્યારે, કાલે બી લઈને આવજે. હું

ક્યારો તૈયાર કરાવી રાખીશ."

"ત્યારે તો હું નાનો છોડ જ લેતી આવીશ. અમારાં તુલસી પાસે ઘણા રોપા ઊગ્યા છે. એ જલદી મોટા થશે."

☆

## દેડકસેના

પહેલો વરસાદ વરસ્યો; સારી રીતે વરસ્યો. ટેકરા ધોવાયા, ખાડા ભરાયા, ખાડે ખાડે દેડકાં ઊભરાયાં. એકબે નહિ, બેચાર જ નહિ, પાંચપચીશ નહિ, પણ આ તો પચાસ-સો! દેડકાંની મોટી સેના! મોટું લશ્કર! એક એમાં સેનાપતિ, બીજાં જાણે સૈનિક.

એક બોલે ડરાંઉં ડરાંઉં, બધાં બોલે ડરાંઉં ડરાંઉં. એક ચૂપ રહે, બધાં ચૂપ રહે.

પણ આ દેડકાં ઊભરાયાં ક્યાંથી? આટલાં બધાં એકીસાથે નીકળ્યાં ક્યાંથી? કાલ સુધી તો દેડકાનું નામનિશાને પણ ન હતું. ને આજે આ મોટું લશ્કર ક્યાંથી? કાલની વાત તો રહી; આ હમણાં જ વરસાદ વરસ્યા પહેલાં દેડકાં હતાં જ ક્યાં? વખતે હોય એકાદ રડ્યું ખડ્યું

પાણીના ખાડામાં કે તળાવમાં રહેતું હોય. પણ આ દેડકાની હારની હાર નીકળી ક્યાંથી?

કાલે જ મને ખબર પડી. વરસાદ બંધ પડે, પાણી સુકાઈ જાય, એટલે દેડકાં દોસ્તો ખાડાની બોભણોમાં ભરાઈ જાય. એ ખાડાની બોભણોમાં જરા જરા નહિ જેવી ભીનાશ હોય. ત્યાં ભરાઈને ભાઈબંધો ઊંઘવા માંડે; ના ના, પાણી વિના મરવા જેવાં થઈને પડી રહે. ન ખાય, ન પીએ, શ્વાસ પણ ન લે! બસ પડ્યાં જ રહે, હૃદય બંધ પડે, લોહી ન ફરે, બસ જાણે મરી ગયાં.

એમની ચામડીમાં ઝીણાં કાણાં હોય છે તેમાંથી શરીરમાં જાય તેટલી હવા લે ને પડ્યાં રહે.

વરસાદ આવે ને પાણી મળે એટલે દેડકાભાઈઓના જીવમાં જીવ આવે. ધીરે ધીરે શ્વાસ લેવા લાગે, લોહી ફરવા લાગે; હૃદય ધબકારા લેવા લાગે ને ગળું હલહલ થવા માંડે.

ભાઈઓનો સુરીલો સૂર નીકળે : ડરાંઉં ડરાંઉં ડરાંઉં! એકાદ જીવડું નજરે પડે તો તાળવે ચોટેલી જીભ લબ કરીને જીવડા તરફ

ફેંકે. પછી પેટમાં સ્વાહા !

લહેરમાં આવે ત્યારે ભાઈઓ તરવા લાગે. પાણીમાંથી બહાર નીકળી કૂદાકૂદ કરે.

વરસાદ આવે ત્યારે તાનામાના, અને ન આવે ત્યારે છાનામાના !

☆

## કબૂતર

પાંખ સુંદર કબૂતરની.
આંખ સુંદર કબૂતરની.
ચાંચ સુંદર કબૂતરની.
ડોક સુંદર કબૂતરની.
પગ સુંદર કબૂતરના.
રંગ સુંદર કબૂતરનો.
સારું લાગે છે એનું ઘૂઘવવું;
જોવા ગમે છે એના માળા;
જોવા જેવી છે એની બાઝણુ.
બહુ શોભે છે કબૂતરો !
બેઠા હોય છે અડોઅડ ને ગુપચુપ
પણ ના ગમે એની હગાર;
ના ગમે એ કચરો પાડે;

ના ગમે જો દંડો પડે ને ફૂટી જાય.

જ્યાં જુઓ ત્યાં કબૂતર.

માળે માળે કબૂતર, મંદિરે મંદિરે કબૂતર;
મસીદે મસીદે કબૂતર, દેવળે દેવળે કબૂતર;
મેડીએ મેડીએ કબૂતર, માળે માળે કબૂતર;

જ્યાં જુઓ ત્યાં કબૂતર!

ભોળું પ્રાણી કબૂતર, સુંદર પ્રાણી કબૂતર,

બ્રાહ્મણ પ્રાણી કબૂતર

☆

## સાવધાન!

બાલમંદિરમાં સંગીત ચાલતું હોય. એક બોલતું ચાલતું ન હોય. શાંતિ શાંતિ હોય. એક માત્ર સંગીતનો અવાજ હોય. બધાં સાંભળે, શાંતિથી સાંભળે, સ્થિર થઈને સાંભળે.

ત્યાં તો ફડફડ, ફડફડ ઘૂઘૂ....ઘૂ. પટપટ પટપટ, પચીશ-પચાસ તાળીઓ પડે. કોઈ તો દાંડિયો લઈને ઊઠે ને કબૂતરો કાઢે. પાછી શાંતિ.

લડાઈ ચાલે; લડાઈ જામે. ઢબ ઢબ ઢબાક; ઢબ ઢબ ઢબાક—

"રંગીલા ઉમંગી સિપાઈ,
નાનડિયા અમે આ ભાઈ."

બસ, બધાં એ જ તાનમાં દાંડિયા ફેરવતાં હોય.

પણ જો ફડફડાટ સંભળાયો તો લડાઈ થરી રહે ને દાંડિયા કબ તરો સામે ઊંચાથાય.

"પીર છે, પીર છે, પીર છે રે
શેતરૂંજે ઇંગારશા પીર છે."

એ ગીત ચાલે. બધાં જમીન પર લાંબાંલસ થઈ પડ્યાં પડ્યાં સાંભળે. પણ જો ઘૂઘવાટ સંભળાયો તો જેમ કબરમાંથી પીર જાગે એમ બધાં ઊભાં થઈ તાળીઓ પાડે.

કામ ચાલતું હોય. કોઈ ચિત્ર કાઢે, કોઈ લખે, કોઈ વાંચે; કોઈ અક્ષરોમાં હોય, કોઈ બંગલામાં પડ્યાં હોય, કોઈ સાફસૂફ કરતાં હોય; કોઈ વાળ સમારે, કોઈ આસન વાળે. પણ કબૂતર નજરે પડ્યું તો આસનો કબૂતર ઉપર ફેંકાય; પેન્સિલો કબૂતરો સામે ઊડે. બધાંની આંખો ઊંચે ઊઘડે ને તાળીઓ પડે.

"ૐ સહનાવવતુ" નો મંત્ર બોલાય પણ

થરી રહે=ઊભી રહે; અટકી રહે

ઘૂઘવાટ સંભળાયો એટલે કાંઈ સિસકારા ને તાળીઓ પડ્યા વિના રહે !

પણ હવે તો ઉડાડનારાં થાક્યાં. આમ તે ક્યાં સુધી ઉડાડ્યા કરવું ? આ તો રોજનું થયું. આખો દિવસ આવે. હજી ઉડાડતાં જ હોઈએ ત્યાં તો ફરી પાછાં આવે. અરે રામ ! આ પીડા તે ક્યારે મટે ? આમ કેટલા દિવસ તાળીઓ પાડવી ?

પંદર દિવસ ગયા, મહિનો ગયો, ચાર મહિના ગયા, છ મહિના ગયા પણ ન ખસ્યાં. ન જ ખસ્યાં.

કબૂતરોનું તે કાંઈ ભેજું ! એની તે કાંઈ અક્કલ ! છ છ મહિનાથી ઉડાડીએ પણ ન સમજે. નહિ નિરાંત એમને, નહિ નિરાંત અમને. એ કાંઈ આપણી જેમ વાતમાં સમજે છે. તે સમજાવીએ કે " ભાઈ ! અમારે ત્યાં આવશો નહિ. તમારી ચરક અમને નથી ગમતી ! તમે કચરો પાડો છો તે નથી ગમતો ! મહેરબાની કરીને ચાલ્યાં જાવ ! "

વારેવારે ઉડાડીએ. બીજું શું કરીએ ?

બાલમંદિરમાં રજા પડી. બાળકો પોત-

પોતાને ઘેર કામ કરે. તારાબેન નાશિક ઊપડ્યાં. સુશીલા ને બચુભાઈ ને બાબીબેન પણ નાશિક. કમળાબેન ગામ ગયાં; ભાઈચંદભાઈ પણ ગયા. એક જમનાબેન બાલમંદિર વાળે. એ તો બારણું ઉઘાડી ફટ બંધ કરે; અંદર બધું વાળી લે. એટલે ઉઘાડીને પાછું તરત બંધ.

બાલમંદિર ઘડી યે ખુલ્લું રહે તો કે? કબૂતરો આવે તો ખરાં પણ આવીને રહે ક્યાં? રોજ રોજ ખબર કાઢે; ઘડીએ પહોરે ખબર કાઢે. આવીને નીરાંતે બેસવું ક્યાં? સાંજ પડે ને ક્યાંઇક ઊડી જાય : બિચારાં નિરાશ થઈને. બાલમંદિર ઘડી યે ખુલ્લું હોય ત્યારે ને?

એક દિવસ બંધ, બે દિવસ બંધ, ત્રણ દિવસ બંધ, પાંચ દિવસ બંધ; પંદર દિવસ, પચીશ દિવસ; બંધ, બંધ, ને બંધ!

કબૂતરો સમજ્યાં હશે કે હવે ઓરડામાં નહિ જવાય. કબૂતરોની અક્કલમાં આવ્યું હશે કે હવે બાલમંદિરમાં નહિ જવાય.

આ રજા ઊઘડ્યા પછી કબૂતરો ઓરડામાં નથી આવતાં. પણ સાવધાન! આંખો મીંચીને બેસી ન રહેતાં. કબૂતરો બાલમંદિરને છાપરે

ધૂધવે છે. ઓરડામાં આવતાં શી વાર?

આવે કે તરત ન ઉડાડીએ તો તો પછી એની એ રામાયણ!

એની એ તાળીઓ, એના એ રૂમાલ, એ જ પાછા દાંડિયા! એવો જ ઘોંઘાટ થવાનો; એવી જ ગંદકી થવાની. માટે સાવધાન! જાગતા રહો, જાગતા રહો!

સાવધાન! સાવધાન! સાવધાન!

☆

## કાબરનું બચ્ચું

બધાં બાળકો ગોળકૂંડાળું વળીને બેઠાં હતાં. નજર એક ઠેકાણે ચોટી હતી; આંખો ચળકતી હતી ને ઝીણું ઝીણું હસતાં હતાં.

ત્યાં શું થાય છે?

અહો! આ તો કાબરનું બચ્ચું લોટ ખાય છે. બાળે મારા સામે જોઈ કાબરનું બચ્ચું બતાવ્યું. સુભાજીનો પોરિયો રામદાસ કાબરનું બચ્ચું પકડવા જતો હતો.

બાળ ને બાબીબેન બચ્ચું કેમ ખાય છે, એની ચાંચમાં કેવો સુંદર રંગ છે, એ જોતાં

હતાં ને "હજી તો એ નાનું છે; એની બા આવશે તો એને લઈ જશે." એમ બોલતાં હતાં. શારુ તો છાનીમાની બેસી હસતી હતી. બાબો તો કાબરથી બીતો હતો અને રામુ-ભાઈની પાછળ સંતાતો હતો.

લોટ ખવરાવીને અભરાઈ ઉપર લૂગડામાં બચ્ચાને મૂક્યું. એ તો ત્યાં બેઠું બેઠું 'ટી વી, ટી વી; ક્રી....' એમ બોલવા લાગ્યું, ત્યાં તો એની મા દોડતી આવી.

બચ્ચું જાણે કે મારી મા મને ખાવાનું આપશે, એટલે એણે ચાંચ ઉઘાડી. કાબરબાઈ ચાંચ પકડીને બચ્ચાને ઉપાડીને ઊપડ્યાં; જાણે હમણાં માળામાં લઈ જાઉં. પણ જરાક બહાર નીકળ્યાં ત્યાં તો બચ્ચું પડી ગયું. સુભાજીએ ફરી ઉપાડીને મૂક્યું. વળી એની મા આવી. ચાંચમાં કાંઈક ખાવાનું લાવી હતી. બચ્ચાને ખવરાવીને ઊડી ગઈ. ફરી આવી.

તારાબેન કહે: "બા ! એની બા આવી."

બધાં કહે: "બા આવી."

બાબીબેન તો હસતાં જાય ને કહેતાં જાય: "એની બા આવી. એની બા આવી!"

બાળ તો કાબરના બચ્ચાને જ બા કહેવા લાગ્યો. અભરાઈ તરફ આંગળી કરીને જ 'બા, બા, બા!' કરી જે આવે તેને બતાવે.

આજે કાબરબાઈ જોરમાં આવ્યાં. બચ્ચાએ ચાંચ ઉઘાડી ને ચાંચ પકડીને ઉપાડ્યું. જોર કરીને પાસેના ઘર સુધી ઊડી, પણ આખરે બચ્ચું પડી ગયું. કાગડા બચ્ચાને ખાઈ જવા આવ્યા ને કાબરે કલબલાટ કરી મૂક્યો. પણ ત્યાં તો ફરી સુભાજીએ એને અંદર લાવી મૂક્યું.

એ બચ્ચું બધાં છોકરાંને બહુ ગમતું. રોજ સવારે એને લોટની ગોળીઓ ખાવા આપતા ત્યારે બધાં ત્યાં ગોળકૂંડાળું કરી બેસતાં.

સુભાજી એક દિવસ સવારે જ્યાં બચ્ચાને લેવા જાય ત્યાં બચ્ચું ન મળે! ક્યાં ગયું હશે? "કોણી ઘેતલા! કુઠે ગેલા! કોણાલા માહિત આહે કા?" (કોણ લઈ ગયું? ક્યાં ગયું? કોઈને ખબર છે કે?)

પણ કોઈને ખબર ન હતી; કોણ જાણે બચ્ચું ક્યાં ગયું!

☆

# ઘંટી

પટલાણીની કાંઈ ઘંટી! જાણે મોટો રથ! કહું : "પટલાણી! આવડી મોટી ઘંટી તમે કેમ કરી ફેરવી શકો છો? અરે રામ! મારે એક હાથે તો આ ઘંટી ફરતી યે નથી."

પટલાણી કહે : "નાની ઘંટીમાં દળવું શું? ચપટી ચપટી ઓયણું લ્યે. ટચલી આંગળીએ ઠેરવીએ તો ય ફરે. એમાં તો ક્યારે દળાય? એમાં હાથમાં શું આવે? ત્યાં કાંઈ શું છોડીઓની રમત હતી? હાથમાં ઘંટી છે એમ તો લાગવું જોઈએ ને? આડીઉં આડીઉં ઓયણું લે ને અરધા કલાકમાં માણું ઘઉં પૂરા થાય એનું નામ ઘંટી! નાની ઘંટી તે કાંઈ ઘંટી કહેવાય?"

હું કહું : "આ ઘંટી તો મારાથી એક આંટો ય ફરતી નથી."

પટલાણી કહે : "ઈ તમારાથી ન ફેરવાય.

---

આડીઉં=આડો ખોબો

એ તો અમારાં જ કામ."

વાહ રે, પટલાણીની ઘંટી !

☆

## રમવા આવે છે કે ?

ચારુ કહે : "એલી એ ચંપા ! રમવા આવે છે કે ?"

ચંપા કહે : "ના, બહેન ! આજે તો નહિ અવાય."

ચારુ કહે : "કેમ, કંઈ નવું કામ આવ્યું છે કે ?"

ચંપા કહે : "હા, નવું કામ જ તો. મારી બહેનને રાતે તાવ આવ્યો છે."

ચારુ કહે : "તેમાં તારે શું કામ છે ? તારી બા છે ને ?"

ચંપા કહે : "મારી બાને રાંધવું હોય ના ? એ જો બહેનની પાસે બેસે તો આટલાં માણસોનું કોણ રાંધે ?"

ચારુ કહે: “પણ તારા બાપા શું કરે છે?”

ચંપા કહે: “બાપા બજારે ગયા છે, શાક-પાંદડું લેવા.”

ચારુ કહે: “પણ લખુભાઈ તો નવરા હશે ના? એ કાં ન બેસે?”

ચંપા કહે: “એ તો દવાખાને ગયો છે.”

ચારુ કહે: “તે એમાં તારે બહેન પાસે શું કામ બેસવું પડે? એ તો સૂઈ રહેશે.”

ચંપા કહે: “પણ એને પાણી પીવું હોય તો હું પાઉં ના? ક્યારનું એને ગમતું નથી તે હું વાર્તા સંભળાવું છું.”

ચારુ કહે: “ત્યારે હું તો જાઉં છું.”

ચંપા કહે: “ઠીક, બાપુ! જા. કાલે જો બહેનને ઠીક હશે તો હું આવીશ.”

ચારુ કહે: “ઠીક.”

☆

## દાદાજી

ધોળું અંગરખું, ધોળી પાઘડી. સહેજ જાડું એવું ધોયેલું ધોતયું ને હાથમાં લાકડી.

મૂછો સાવ સફેદ, મોટી અને પાણી પીતાં ગરણીની ગરજ સારે એવી ! આંખોની કીકી કાળી અને ડોળા આસમાની છતાં પીળાશ પડતા. નાક સીધું તેલની ધાર જેવું. હોઠ જરા જાડા, મોં ગોળ, પણ ગાલનાં હાડકાં જરા નીકળેલાં. કપાળ મોટું ને ચળકતું. કપાળમાં મોટું ચંદનનું ત્રિપુંડ. વાને ઘઉંવર્ણા. બહુ જાડા નહિ ને બહુ પાતળા ય નહિ. ચાલ બહુ ઉતાવળી નહિ ને બહુ ધીમી નહિ, પણ જરાક ધ્રૂજતી. સીધી સટ નજર રાખીને ચાલતા કોઈ ડોસાને જુઓ તો જાણજો કે મારા દાદાજી છે.

☆

## ગુલાલ

વસંતપંચમી આવે ને મંદિરમાં રોજ રાજભોગને વખતે એટલે છેલ્લે બાર વાગે દર્શન થાય ત્યારે અબીલગુલાલ ઊડે, આંબાના મોરનો શણગાર થાય ને અંદર ભાતભાતનાં ફૂલ મુકાય.

ત્રિપુંડ=ત્રણ લીટીનું તિલક વાન=શરીરનો રંગ

આપણે બંદા કોઈ દિવસ નિશાળે મોડાં ન જઈએ; ઊલટું અર્ધો કલાક વહેલાં થઈએ. પણ વસંતપંચમીથી તે ફાગણ મહિનાની પૂનમ એટલે રંગમય હોળી આવે ત્યાં સુધી ઘણી વાર નિશાળનું મોડું થાય.

માસ્તર કહે : "કમુ ! હમણાં હમણાં કેમ નિશાળે મોડી આવે છે ?"

કમુ શો જવાબ આપે ?

કહું કે "અબીલગુલાલ લેવા રોકાઈ હતી." તો માસ્તર કહેશે : "નિશાળ મૂકીને અબીલગુલાલ લેવા રોકાવાય જ કેમ ?"

પણ ખરેખર મારાથી રોકાવાઈ જવાતું હતું. માસ્તર પૂછે એટલે કાંઈ બોલાતું નહિ. ને બેઠાં બેઠાં માથે હાથ ફેરવું કે ઓઢણીનો છેડો ઝાલી બેસું.

આંબાનો શણગાર જોવો ને અબીલગુલાલ ઊડે તે લેવો મને બહુ જ ગમે.

રાજભોગનાં દર્શન ખૂલે ને આરતી ઉતારાય પછી મુખ્યાજી હાથમાં બે રૂપાનાં કૂંડાં

મુખ્યાજી=મુખ્ય પૂજારી.

લાવે: એક અબીલનું ને બીજું ગુલાલનું. ફરર ફરરર ગુલાલ ઊડવા લાગે. માણસોનાં માથાં ઉપર, ગાલ ઉપર ને આખા મોં ઉપર ગુલાલ-અબીલ પડે. દર્શન બંધ થાય. ઠાકોરજી સૂઈ જાય. ગવૈયો છેલ્લું કીર્તન ગાય. વૈષ્ણવો સૌ સૌને ઘેર જાય. તરંન્ તરંન્ તરંન્ તંબૂરાનો છેલ્લો અવાજ થાય. ગાયક તંબૂરો ઠેકાણે મૂકે; તબલચી તબલાં ઠેકાણે મૂકે. રડ્યાંખડ્યાં સૌ ચાલ્યાં જાય. રહે નીચે પડેલાં અબીલગુલાલ.

પણ એમ અમે શાનાં રહેવા દઈએ? બધાં જાય એટલે છો ઉપર હાથ ઘસીઘસીને બધો ગુલાલ ભેગો કરીએ. મારા નાના નાના હાથે પરસેવો છૂટે એટલી મહેનત કરું, ને લેવાય તેટલો ગુલાલ લઉં. હજી થોડો લેવાનો બાકી હોય ત્યાં તો બાની બૂમો પડવા લાગી હોય; ઉપરાઉપરી "ચાલ ઘેર, ચાલ ઘેર." ના સાદ આવતા હોય. પણ હું તો મારું કામ પૂરું કરીને જ ઊઠું. મનમાં મલકાતી ઊઠું; જરા જરા હસતી ઊઠું. મનમાં બબડું: "કેટલો બધો ગુલાલ આવ્યો!"

# મનુના મોટાભાઈ

"એલા બધાં બોલ્યાચાલ્યા વિના ક્યાં ચાલ્યાં ?"

"બા ! અમે મનુને ત્યાં જઈએ છીએ."

"ત્યાં શું કામ છે ?"

"મનુના મોટાભાઈ આફ્રિકાથી આવ્યા છે. એમને જાતજાતનાં પંખી બોલાવતાં આવડે છે. ઘોડો હણહણાવે છે...."

ચંદુ વચ્ચે જ બોલ્યો : "બા ! એમને તો ગધેડું એવું ભુંકાવતા આવડે છે !"

બધાં હસી પડ્યાં.

નાની નીલુ બોલી ઊઠી : "બા ! એમ તો બકરીના બચ્ચા જેવું બોલે છે, અને મ્યાંઉં મ્યાંઉં કરે છે. આપણી કાળી મીની જેવું જ."

"ઠીક જાવ; પાછાં વહેલાં આવજો હો ! સંભાળીને જજો."

"મનુ....એ મનુ ! બારણું તો ઉઘાડ ?"

મનુ પોતાનું કબાટ ગોઠવવામાં એકતાર

થયો હતો. એટલે સાંભળે કોણ, ભૂત?

એની બા બોલ્યાં: "કોણ છે?"

"એ તો અમે, મનુનાં દોસ્તો."

"વાહ રે દોસ્તો! ઊભાં રહો, ઉઘાડું છું. પેલી ઓરડીમાં જાઓ; મનુ ત્યાં છે."

મનુ બધાંને બેઠકના ઓરડામાં લઈ ગયો. ત્યાં એના મોટાભાઈ બેઠા બેઠા વાંચતા હતા.

મનુ કહે: "મોટાભાઈ! આ બધાં અવાજો સાંભળવા આવ્યાં છે."

ચંદુ કહે: "મોટાભાઈ! મારે તો ગધેડું સાંભળવું છે."

મોટાભાઈ કહે: "ગાંડા! ગધેડું તે સંભળાતું હશે? ગધેડું તો જોવાય." મનુને કહે: "જો, પેલાં ચંદ્રિકાને ને મધુને બોલાવ જોઈએ? એ પણ મારી પાછળ પડ્યાં છે."

બધાં આવ્યાં ને શાંતિથી બેઠાં.

મનુના મોટાભાઈએ મોઢા ઉપર મોટો રૂમાલ નાખ્યો.

મીઠું પોપટ જેવું બોલ્યા.

મનુ કહે: "એલા એ શું?"

ચંદુ કહે: "એ તો પોપટ."

ફરીથી એક વાર અવાજ આવ્યો. બધાં સાંભળી રહ્યાં. બધાંની આંખો હસતી હતી.

મોટાભાઈએ મોઢા ઉપરથી રૂમાલ ઉઘાડી નાખ્યો: "એલા એ શું?"

સૌ વિચારમાં પડ્યાં.

ત્યાં તો તાર ઉપર કાળી ચકલી બોલી.

ચંદ્રિકા કહે: "આ કાળી ચકલી જેવું બોલ્યો ને?"

"હાં હાં; બરાબર, બરાબર!"

"ટી ટી ટી હટ્; ટી ટી ટી હટ્."

સુમન કહે: "મોટાભાઈ! એ તો ટીટોડી. મારી બા કહે છે કે ટીટોડી તો 'કરતી'તી વ્રત; કરતી'તી વ્રત.' એમ બોલે છે."

પછી ખિસકોલી બોલાવી. પછી ચકલી બોલાવી.

નીલુ બોલી: "અરે, આ તો કાગડો!"

ઘડીકમાં તો ગધેડું હોંચી હોંચી કરવા લાગ્યું. ચંદુ તો ઊંધો પડી ગયો.

બકરું બેં બેં કરવા લાગ્યું.

નાનો બાબુ કહે: " બતલીનું બચ્ચું બોલ્યું ! "

બિલાડું મ્યાંઉં મ્યાંઉં કરવા લાગ્યું. ખવવવ, ખુખુખુખુ, ઘુરરરર, ઘુરરર, ઘુર્ર્ર્. બિલાડાં લડવા લાગ્યાં.

મોટાભાઈ કહે: " બસ ? "

ચિન્તન કહે: " પણ મોટાભાઈ! કોયલ તો ના બોલાવી ? "

મીઠું કુઊ....કૂઊ....કૂઊ....થયું.

સુમન કહે: " લે, આ તો આંબાની ડાળે કોયલ કૂજે છે ! "

ચંદુ કહે: " કાલે શું બોલાવશો ? "

મોટાભાઈ કહે: " તમે કહો તે. પણ મને આવડે એવું કહેજો. "

ચિન્તન કહે: " અમને કેમ ખબર પડે કે તમને શું આવડે છે ? "

મનુ કહે: " પણ મને ખબર છે ને ! "

મોટાભાઈ કહે: " હવે કાલે. કાલે તો કાગડો બોલાવીને ઘણા કાગડા ભેગા કરશું. "

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

| | | | |
|---|---|---|---|
| બાળવાર્તાઓ ૧ થી ૫ | ... ... | સેટના ... | ૧૦-૨૫ |
| બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... | ... | „ ... | ૨-૦૦ |
| બાલસાહિત્ય માળા (૮૦ પુસ્તકો) ... | | „ ... | ૪૦-૦૦ |
| બાલસાહિત્ય ગુચ્છ (૨૫ પુસ્તકો) ... | | „ ... | ૧૪-૦૦ |
| બાલસાહિત્ય વાટિકા-૧ (૩૨ પુસ્તકો) | | „ ... | ૪૨-૫૦ |
| બાલસાહિત્ય વાટિકા-૨ (૧૬ પુસ્તકો) | | „ ... | ૨૩-૫૦ |

| | |
|---|---|
| કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦ |
| રખડુ ટોળી ... ૪-૫૦ | ભગવાન બુદ્ધ ... (છપાશે) |

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

| | | |
|---|---|---|
| મહાભારતનાં પાત્રો (૧૩ પુસ્તકો) ... | સેટના ... | ૨૦-૫૦ |
| રામાયણનાં પાત્રો (૬ પુસ્તકો) ... | „ ... | ૧૨-૦૦ |
| હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ | „ ... | ૫-૫૦ |

| | |
|---|---|
| શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૫૦ |

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

| | |
|---|---|
| સાગરસમ્રાટ ... ૩-૫૦ | પાતાળપ્રવેશ ... ૨-૫૦ |
| સાહસિકોની સૃષ્ટિ ૬-૦૦ | ખજાનાની શોધમાં ૨-૫૦ |

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

| | | |
|---|---|---|
| નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... | સેટના | ૮-૦૦ |
| જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા | „ | ૭-૫૦ |
| કમલ કિતાબ (સચિત્ર ૧૦ પુસ્તકો) ... | „ | ૭-૫૦ |
| ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... | „ | ૧૪-૫૦ |
| સાહસકથાઓ (૨૫ પુસ્તકો) ... ... | „ | ૭૦-૦૦ |

**આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨ અમદાવાદ-૧**

કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ